# જિલ્લાનું રાજકારણ આગામી દિવસોમાં કરવટ બદલશે

## સૂર્યસિંહ ડાભી આમ આદમી પાર્ટીમાં જોડાય તેવા સંકેતો : ભાજપ-કોંગ્રેસ દ્વારા ડેમેજ કંટ્રોલની કામગીરી વેગીલી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના રાજકારણમાં આગામી દિવસોમાં રાજકીય ગરમાવો જોવા મળશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના રાજીનામા પછી કોંગ્રેસમાં રાજકીય હિલચાલો વધી જવા પામી છે. કોંગ્રેસ નેતાગીરીએ ડેમેજ કંટ્રોલની કવાયત તેજ બનાવી છે.

દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ ગમે ત્યારે ભાજપનો કેસરીયો ધારણ કરે તેવી સંભાવનાઓ રાજકીય ગલિયારીઓમાં ચર્ચામાં છે.

ગાંધીનગર શહેર ભાજપમાં પણ અસંતોષના ધુમાડાઓ દેખાયા છે તો બીજી તરફ આપ આદમી પાર્ટીએ પણ તેની સક્રિયતા જિલ્લાના રાજકારણમાં વધારી ત્રીજા પક્ષ તરીકેનો દાવો મજબુત કરવાની કવાયત વેગીલી કરી છે.

જિલ્લાના રાજકારણમાં જે રીતે રાજકીય ગતિવિધિઓ ચાલી રહી છે તે માહોલને ગરમાવશે તેમાં કોઈ બેમત નથી.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સૂર્યસિંહ ડાભી આમ આદમી પાર્ટીમાં જોડાશે તેવા સંકેતો મળી રહ્યા છે.

તેઓ બે-ત્રણ દિવસથી આમ આદમી પાર્ટીના નેતાઓ સાથે ચર્ચાઓ કરી રહ્યા છે અને આગામી સપ્તાહ સુધીમાં આખરી નિર્ણય તેમનો જાહેર કરશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં આમ આદમી પાર્ટીએ તેના સંગઠ્ઠનને વધુ મજબુત બનાવવા પરની કાર્યવાહી તેજ કરી છે. આમ આદમી પાર્ટીના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે તો કોંગ્રેસના ઘણા બધા નારાજ સભ્યો અને આગેવાનો સાથે સંપર્કમાં છે. આગામી એકાદ સપ્તાહમાં આમ આદમી પાર્ટી મોટો કાર્યક્રમ કરી કોંગ્રેસના આગેવાનોનો પ્રવેશ કરાવશે તેવી પણ ચર્ચા છે.

જિલ્લામાં કોંગ્રેસનું સંગઠ્ઠન પણ હવે સતર્ક બન્યુ છે. જોકે શહેર અને જિલ્લાના નવા પ્રમુખોની નિયુક્તી પછી કોંગ્રેસ દ્વારા હવે આગામી દિવસોમાં નવી વ્યુહરચના તૈયાર કરી આગળ વધશે તેમ મનાઈ રહ્યું છે.

# અષાઢી મેઘના આગમન ટાણે આકાશમાંથી આગ વરસી : મહત્તમ તાપમાન ૪૧.૨ ડીગ્રી

## છેલ્લા પાંચ દિવસમાં મહત્તમ તાપમાન ૫ ડીગ્રી ઉંચકાયુ : ગઇકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૩.૨ ડીગ્રી અધ્ધર ચઢયો : સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા પરંતુ સેકટરીયો વરસાદ કેટલાક ઠેકાણે છાંટણા વરસાવી અદ્રશ્ય થઇ ગયો

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં ચોમાસાના પ્રારંભે ઉનાળાની આકરી ગરમી વેઠતા નગરજનો મોસમના વિચિત્ર મિજાથી પ્રભાવિત છે. અષાઢના આગમન ટાંણે આકાશમાંથી આજે વરસાદના બદલે આગ વરસી હતી. છેલ્લા પાંચ દિવસથી સતત મહત્તમ તાપમાન વધતા આજે ગરમીનો પારો ૪૧.૨ ડીગ્રી પહોંચી જતા નગરજનોએ દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે દિવસની ગરમીના અંતે સાંજના સમયે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સાંજે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા પરંતુ પવનના જોર વચ્ચે વાદળો પણ કેટલાક ઠેકાણે હળવા છાંટણા વરસાવી વિખેરાઇ ગયા હતા. નગરજનો વરસાદી દિવસોમાં મેઘમહેરના બદલે ગરમીનો કહેર વેઠી રહ્યા છે. ત્યારે છેલ્લા ત્રણ મહીનાથી હીટવેવથી ત્રસ્ત નગરજનો વરસાદની વાટે છે.

ગાંધીનગરમાં ચોમાસાના પ્રારંભે ઉનાળાની મોસમ જામી હોય તેવી આકરી ગરમી નગરજનો વેઠી રહ્યા છે. છેલ્લા પાંચ દિવસમાં મહત્તમ તાપમાન ૫ ડીગ્રી ઉંચકાયુ છે. જયારે ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો આજે ૩.૨ ડીગ્રી ઉંચો આવ્યો હતો જેના પરિણામે નગરજનોએ કાતિલ ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. વરસાદી દિવસોમાં અષાઢના આગમન ટાંણે ચૈત્ર આકાશે ચઢયો હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. આજે સવારથી જ વાતાવરણમાં ગરમીનુ જોર વધુ રહ્યુ હતુ જયારે દિવસના આકરા તાપના લીધે નગરજનોએ વરસાદની વાટ વચ્ચે અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો. આકરી ગરમીથી સૌ કોઈ તોબા પોકારી ગયા હતા. આજે મહત્તમ તાપમાન ૪૧.૨ ડીગ્રી પહોંચી ગયુ હતુ. આકાશમાં રોજબરોજ અંગડાઈ લેતા વાદળો વચ્ચે પણ ગરમી પ્રકોપ વધતા નગરજનો પણ નભ તરફ નજર માંડરીને મોસમની વિચિત્ર અસરથી પ્રભાવિત જોવા મળ્યા હતા જયારે વરસાદ કયારે આવશે તે મુદ્દો આજે રજાના દિવસે ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં કાળા ડીંબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા જયારે શહેરના કેટલાક સેકટરોમાં વરસાદી છાંટણા વરસતા ભીની માટીની મહેંક પ્રસરી હતી. કેટલાક જુના સેકટરોમાં વરસાદનુ ઝાપટુ વરસ્યુ હતુ પરંતુ ઝાપટાના અંતે મેઘરાજાએ વિદાય લઈ લેતા ધોધમાર વરસાદની આશ ઠગારી નિવડી હતી. સાંજના સમયે પણ પવનના જોર વચ્ચે નગરજનોએ દિવસની આકરી ગરમીમાં રાહત અનુભવી હતી પરંતુ વરસાદી વાદળો પલવારમાં જ વિખેરાઇ ગયા હતા. છેલ્લા ત્રણ મહીનાથી આકરી ગરમી વેઠતા નગરજનો હવે મેઘમહેર થાય તેની કાગડોળે વાટ નિહાળી રહ્યા છે. રોજ સવાર

● અનુસંધાન પાન-૭ પર

### મોડી સાંજે વરસાદી માહોલ સર્જાયો

શહેરમાં મોડી સાંજે સુસવાટા મારતો પવન ફુંકાવા સાથે હળવી આકાશી મેઘગર્જના થવા લાગી હતી અને વિજળીના ચમકારાઓ વચ્ચે ક્યાંક છુટા છવાયાં વરસાદી છાંટા પડ્યાં અને વાતાવરણમાં માટીની સુગંધ પ્રસરવાં પામી હતી. ઠંડા ઠંડા પવનો સાથે સર્જાયેલા આહલાદક વરસાદી માહોલથી શહેરીજનો રોમાંચિત થયાં હતા.

# રાજ્યમાં કોરોનાના નવા ૪૨૦ કેસ : ૨૫૬ દર્દીઓ સાજા થયા

## રાજ્યમાં આજે કુલ ૯,૪૮૮ રસીના ડોઝ અપાયા હતા

ગાંધીનગર, તા.૨૬

રાજ્યમાં કોરોનાના આજે નવા ૪૨૦ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૫૬ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૬,૭૧૯ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૮.૯૧ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૯,૪૮૮ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૪૬૩ એક્ટિવ કેસ છે. જે પૈકી ૨ નાગરિકો વેન્ટિલેટર પર છે અને તેમની સ્થિતિ પ્રમાણમાં ચિંતાજનક છે. આ ઉપરાંત ૨૪૬૧ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૬,૭૧૯ નાગરિકો હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૬ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે આંશિક રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નથી નિપજ્યું.

નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૧૫૬, સુરત કોર્પોરેશન ૭૯, વડોદરા કોર્પોરેશન ૫૯, મહેસાણા ૧૭, ગાંધીનગર કોર્પોરેશન ૧૪, સુરત ૧૩, કચ્છ અને રાજકોટ કોર્પોરેશન, વલસાડમાં ૯-૯ કેસ, આણંદ ૭, નવસારી ૬, અમદાવાદ ૫, ભરૂચ ૫, ભાવનગર કોર્પોરેશન ૫, રાજકોટ ૪, વડોદરા ૪, જામનગર કોર્પોરેશન ૩, ખેડા ૩, ગાંધીનગર ૨, જૂનાગઢ કોર્પોરેશન ૨, મોરબી ૨, પંચમહાલ ૨, પાટણ ૨, પોરબંદર ૨, તાપી ૧ એમ કુલ ૪૨૦ કેસ નોંધાયા છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૭૦૦ નાગરિકોને રસીનો પ્રથમ અને ૧૪૧૨ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો.



ગામડું બોલે છે...!!! - વિશ્વએ વિકાસ તરફ આંધળી દોટ મુકીને કોંક્રિટના જંગલો ઉભા કરી દીધાં પછી જ્યારે કોરોના જેવી મહામારીની થપાટ વાગી ત્યારે પ્રકૃતિનું મહત્વ સમજાયું છે. મોબાઈલ હાથમાં રાખીને મેટ્રોરેલના સપનાં જોતા માનવીની આંખે જ્યારે હવે કોઈ ગ્રામ્ય સંસ્કૃતિનું પ્રકૃતિમય દશ્ય ચઢી જાય ત્યારે તેના હૈયે આનંદ હિલોળાં લેવા લાગે છે. દશ્ય પણ કેવું જેમાં તળાવ વચ્ચે ઘેઘુર વડલો વડીલની જેમ ડાળીઓ પ્રસરાવી ખડો હોય અને પશુ-પંખુઓનો આશરો બનતો હોય ત્યારે તે જોઈને જ લાગે કે વાહ... ગામડનું બોલે છે..!!!

# ૧૧મી જુલાઈએ વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરાશે

## વિશ્વ વસ્તી દિવસની ઉજવણી આ વખતે બે તબક્કામાં કરવામાં આવશે. ૨૭મીથી ૧૦ જુલાઈ દરમ્યાન પ્રથમ તબક્કો અને ૧૧ થી ૨૫ જુલાઈ દરમ્યાન બીજા તબક્કાની ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૬

૧૧મી જુલાઈએ વિશ્વ વસ્તી દિવસની ઉજવણી આ વખતે બે તબક્કામાં કરવામાં આવશે. ૨૭મીથી ૧૦ જુલાઈ દરમ્યાન પ્રથમ તબક્કો અને ૧૧ થી ૨૫ જુલાઈ દરમ્યાન બીજા તબક્કાની ઉજવણી કરવામાં આવશે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે "પરિવાર નિયોજનના અપનાઓ પગલાં... લખો પ્રગતિના નવા અધ્યાય" થીમ પર આ વખતે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવશે.

જિલ્લા આરોગ્યતંત્રએ આ ઉજવણી અંગે એક બેઠક યોજી હતી. જેમાં ૨૭ જૂનથી ૧૦ જુલાઈ દરમ્યાન દંપત્તિઓ સાથે ૮ સંપર્ક અભિયાન યોજવામાં આવશે.

આ પછી ૧૧ જુલાઈથી ૨૫ જુલાઈ દરમ્યાન જિલ્લામાં પરિવાર નિયોજનની વિવિધ પદ્ધતિઓને લઈ કેમ્પોનું આયોજન કરવામાં આવશે.

સોમવાર સુધીમાં આ અંગેનું આયોજન જિલ્લાકક્ષાએ મોકલી આપવાની સૂચનાઓ આપવામાં આવી છે. આ બેઠકને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ગૌત્તમભાઈ નાયક તેમજ આર.સી.એચ.ઓ. ડૉ. અશ્વિન વૈષ્ણવે સંબોધી હતી.

# શહેરમાં કોરોનાના ૧૪ કેસ

## ગ્રામ્યમાં બે કેસ નોંધાયા : આઈ.આઈ.ટી., ધોળાકુવા, ઈન્ફોસીટીમાં બે-બે કેસ, સે. ૨૬માં ૩, સે. ૬, ૨, ૨૪ અને સુઘડમાંથી પણ કેસ મળી આવ્યા : ગ્રામ્ય વિસ્તારમાં વધુ બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં કોરોનાના વધુ ૧૪ કેસ તથા ગ્રામ્ય વિસ્તારમાં વધુ બે કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં સંક્રમણ વધતાં તંત્રએ હવે એલર્ટ મોડ પર તેની કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં ત્રણ દિવસમાં જ ફરીથી એક સાથે ૧૧ કરતાં વધુ કેસ નોંધાતા તંત્ર પણ ચોંક્યુ છે. શહેરમાં સઘન સર્વેલન્સ તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય તે જોવા માટે તાકીદ કરી દેવાઈ છે.

ગાંધીનગર શહેરમાં સતત કેસો વધી રહ્યા છે તેથી તંત્ર ચિંતામાં ગરકાવ થયુ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. તેમજ ૮૦ વર્ષથી વધુ વય ધરાવતા એક દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં નોંધાયેલા કેસમાં આજે એક દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. આ દર્દી અન્ય બિમારીથી પણ પિડીત હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં હમણાં હમણાં ત્રીજા દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે નોંધાયેલ કેસમાં મોટાભાગના દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતા હોવાની વિગતો પણ સામે આવી છે. આજે નોંધાયેલા કેસોમાં આઈ.આઈ.ટી.માં કેસોની સંખ્યા વધી રહી છે.

આઈ.આઈ.ટી.માં બે, ધોળાકુવામાં બે, ઈન્ફોસીટીમાં ૨, સે. ૨૬ માં ૩, રાયસણ, સે. ૬, ૨, ૨૪, સુઘડમાં એક એક કેસ નોંધાયેલ છે. આઈ.આઈ.ટી.માં એક ૨૮ વર્ષીય અને ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. સુઘડ ગામે ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. રાયસણમાં ૫૬ વર્ષીય આધેડનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જેઓ મોરબી જઈ પરત આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

સે. ૬ માં ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨ માં ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તે અન્ય બિમારીથી પણ પિડીત હોવાથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ઈન્ફોસીટી વિસ્તારમાંથી બે કેસ મળ્યા છે. ૨૨ વર્ષીય યુવતી તેમજ ૨૪ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

શહેરમાં વસ્તીનું વધુ ભારણ ધરાવતા સે. ૨૪માંથી ૨૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામેથી ૪૯ વર્ષીય પુરૂષ તેમજ ૧૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

સે. ૨૬માં આજે એક સાથે ત્રણ કેસ નોંધાતાં તંત્ર પણ ચોંક્યુ છે. સે. ૨૬ ત્રીજી લ્હેર વખતે સંવેદનશીલ બની ઉભરી આવ્યુ હતુ. આજે સે. ૨૬માંથી ૪૮ વર્ષીય પુરૂષ, ૨૨ વર્ષીય પુરૂષ તેમજ ૧૯ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તે કોમ્યુનીટી ટ્રાન્સમિશન થવાનું સૂચવે છે. તંત્ર પણ આ વાતનો આડકતરો એકરાર કરી રહેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા ૧૪ કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૫૦ને પાર કરી ગઈ છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૧૩ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા તાકીદ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨ કેસ નોંધાયા છે. ગાંધીનગર અને દહેગામ તાલુકામાંથી આ કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી ૬૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તો દહેગામમાં ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા બે કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૩૧ થઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪૮૯ લોકોને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવેલ છે. આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

# વરસાદ મન મુકી ન થતાં ખેડૂતોએ ખરીફ વાવણી પણ ધીમી કરી દીધી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં હજુ ચોમાસુ બેઠુ નથી. ધીમી ગતિએ ચોમાસાનો વરસાદ જિલ્લા તરફ આગળ વધી રહ્યો છે અને તે પણ ખંડીય વૃષ્ટિ રૂપે વરસતો હોવાથી જિલ્લાના ખેડૂતો હજુ ખરીફ વાવણી માટે ચિંતીત છે.

જિલ્લામાં ખરીફ વાવણીની કામગીરી ૧૦ ટકા વિસ્તારમાં જ સંપન્ન થઈ છે. જિલ્લામાં સામાન્યતઃ જૂનના ત્રીજા સપ્તાહથી વરસાદનું આગમન થતુ હોય છે પણ છેલ્લુ સપ્તાહ શરૂ થવા આવ્યુ પણ વરસાદ હજુ મન મુકી નોંધાયો ન હોવાથી ખેડૂત ચિંતાતુર બન્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ખરીફ વાવણી અત્યાર સુધી ૩૦ હજાર હેક્ટરમાં થઈ છે. જેમાં દહેગામમાં ૮૮૮૫ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૮૨૮૨ હેક્ટરમાં, કલોલમાં ૧૦૫૯ હેક્ટરમાં અને માણસામાં ૧૨,૨૭૬ હેક્ટરમાં વાવેતર થયું છે. જિલ્લામાં ઘાસચારાનું વાવેતર ૮૦૦૩ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૪૩૫૬ હેક્ટરમાં, કપાસનું વાવેતર ૧૪,૫૧૦ હેક્ટરમાં, સોયાબીનનું વાવેતર ૧૫ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૨૮૭૫ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં હાલ ખરીફ વાવણીનું વાવેતર ધીમુ પડ્યુ છે. વરસાદ ખેંચાતા ખેડૂતો મુંઝવણ અનુભવી રહ્યા છે તેમજ ગરમીનો પારો હજુ જે ઘટવો જોઈએ તેટલો ઘટ્યો નથી આથી ખેતીને નુકશાન થવાનો ભય પણ ખેડૂતોને સતાવી રહ્યો છે.

જિલ્લામાં વરસાદ પણ હજુ જોઈએ તેવો નોંધાયો નથી. જૂનના છેલ્લા સપ્તાહમાં સારો વરસાદ થશે તેમ મનાઈ રહ્યુ છે. આ પછી ખેતીમાં વેગ આવશે.

### જિલ્લામાં ૨૬ જૂન સુધીમાં ૨.૮૩ ટકા વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં આજે સવારે ૬ વાગ્યા સુધીમાં ૨.૮૩ ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લામાં માણસા તાલુકામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામમાં તા. ૨૬મીની સવારના ૬ વાગ્યા સુધીમાં ૧૫ મી.મી., ગાંધીનગરમાં ૨ મી.મી., કલોલમાં ૩ મી.મી. અને માણસામાં ૬૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં ચોમાસામાં ૭૮૦ મી.મી. સરેરાશ વરસાદ નોંધાતો હોય છે. ૨૬મીની સવારના ૬ વાગ્યા સુધીમાં ૨૨ મી.મી. વરસાદ નોંધાયો છે. ટકાવારીમાં જોઈએ તો દહેગામમાં ૧.૯૦ ટકા, ગાંધીનગરમાં ૦.૨૮ ટકા, કલોલમાં ૦.૩૮ ટકા અને માણસામાં ૮.૩૩ ટકા તાલુકાની સરેરાશના સાપેક્ષમાં વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં ખંડીય વૃષ્ટિ થઈ રહી છે અને તેના કારણે વાતાવરણમાં જે ઠંડક પ્રસરવી જોઈએ તેટલી પ્રસરી નથી. જિલ્લામાં છુટક છવાયા સ્થાનો પર વરસાદ થઈ રહ્યો છે. જૂનના ત્રીજા સપ્તાહથી વરસાદ શરૂ થઈ જતો હોય છે અને ખરીફ વાવણી પણ વેગીલી જોવા મળતી હોય છે. જોકે આ વખતે વરસાદનું જોર જોવા મળ્યુ નથી એટલે વાવણી પણ ધમી છે.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com